

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*થયાં નાટક, કેમેરા સામે, સફાઈ થઈ ગઈ,*
*ને થયો કચરો, બણગાની-, સફાઈ થઈ ગઈ.*
*ઘેલ-સફાઈ થઈ ગઈ સરકારી આંકડાની -*
*વેડફાયાં નાણાં, તિજોરીની સફાઈ થઈ ગઈ...*

### હાઈકુ

*સ્પર્ધામાં અંકે,*
*પડતું જાય ખાડે -*
*ખૂલે છે પોલ...*

*ગપગોળા ને,*
*દંભના દેખાડા માં -*
*નંબર વન...*

### ચિંતન

**સદ્‌ગુરુ સત કા શબ્દ હૈ, જાને સત દિયા બતાય,**
**જો સતકો પકડે રહે, તો સત હી માહિં સમાય.**

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર ગુરુ અને સત્સંગના મહિમા વિષે સમજાવતાં કહે છે કે સત્ + ગુરુ એટલે સદ્‌ગુરુ. આમાં જે સત્ છે એ જ પરમતત્ત્વ. આ પરમ તત્ત્વ એ જ પરમાત્મા,જે નિર્ગુણ અને નિરાકાર છે. તેનું કોઈ દ્દશ્ય સ્વરુપ તો છે જનહીં, તો મનુષ્ય તેને કેવી રીતે પહેચાને ?**

**પરમાત્મા તમને સાચો માર્ગ તો આપવાનાં નથી. પણ સદ્‌ગુરુ એ પ્રભુનું દ્દશ્ય સ્વરુપ છે, એમ કહેતાં કબીર કહે છે કે 'સદ્‌ગુરુ' એ પરમાત્માની જીભ છે અને પ્રભુ એ જીભ એટલે શબ્દો દ્વારા સદ્‌ગુરુનો મનુષ્યનો ભેટો કરાવી આપે છે અને આવા સદ્‌ગુરુ તમને 'સત્' એ જ પરમતત્ત્વ છે તે સમજાય છે અને પ્રભુને પામવાનો માર્ગ બતાવે છે. મનુષ્ય જો ગુરુએ બતાવેલ સાચા માર્ગે ચાલે અને એમણે બતાવેલ 'સત્' ને દ્દઢતાથી પકડી રાખે તો 'સત્' રૂપ એટલે પ્રભુમય બની જાય. પણ એ 'સત્' તો સત્સંગ દ્વારા જ મળે.**

### સુવિચાર

- આ જમાનામાં 'જીવતા માણસને પછાડવાની' અને 'મૃત્યુ પામેલા માણસને ઊઠાવવાની' ગજબની એકતા લોકોમાં જોવા મળે છે - **અખંડ આનંદ**
- જો કોઈ પૂછે તમને કે જિંદગીમાં શું ગુમાવ્યું અને શું મેળવ્યું તો કહી દેજો કે જો ગુમાવ્યું તે મારી ભૂલો છે... અને જે મળ્યું છે તે ઈશ્વરના આશીર્વાદ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સૂઈ જાય છે બધા પોતાની કાલ માટે પણ કોઈ એ નથી વિચારતું કે આજે જેનું દિલ દુભાવ્યું એ સૂતો હશે કે નહીં - **ફાધર વાલેસ**
- યે રાંહે હી લેજાયેગી મંઝીલ તક હોંસલા રખ.... કભી સુના હૈ ? કી અંધેરે ને સવેરા હોને ન દિયા...? - **પ્રેમચંદ**
- સાચો આદર સન્માન એ પ્રતિષ્ઠા કે વેશભૂષા દ્વારા નહીં પરંતુ પરમાર્થ અને પરોપકાર દ્વારા જ મળી શકે છે - **અમૃતબિંદુ**
- અડગ શ્રદ્ધા અને અવિચલ વિશ્વાસ હોય તો ઈશ્વરનો સાક્ષાત્કાર થઈને જ રહે છે - **ઝેન કથન**
- સજ્જન એ નથી જેના મનમાં કયારેય ખરાબ વિચારો નથી આવતા, પરંતુ સજ્જન એ છે કે જે મનમાં આવતા ખરાબ વિચારોને અમલમાં મૂકતો નથી - **ઉમાશંકર જોશી**

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બાબા માશૂક સાહેબ સાચા સંત અને એવા જ સાચા ધાર્મિક ભગત તેજાનંદ બેવની ઉત્તમ મૈત્રી હતી. એકવાર એક સાધુ પૂજા કરતો હતો અને બાબા માશૂકે પોતાની પાસે જે ફળો હતા તે પેલા સાધુને આપતા કહ્યું. 'લો, આ ફળ, આપના પ્રભુજીને ધરાવો.' 'પેલા સાધુએ કહ્યું, 'આપ એક મુસલમાન છો અને આપની ભેટ હું મારા ભગવાનને નહીં ચઢાવી શકું.' સાધુના ઈન્કારથી માશૂક સાહેબની આંખમાં આંસુ આવ્યા એમણે સાધુને કહ્યું, 'આપ હવે કયાં જશો ?' પેલા સાધુનો જવાબ, 'ખરવાસા જઈશ અને તેજાનંદ સ્વામીને મળીશ. બોલો કઈ કામ હોય તો કહો.' માશૂક સાહેબે કહ્યું, 'આ ફળ આપ તેજાનંદ સ્વામીને જરૂર આપજો અને કહેજો. ફળો માશૂક સાહેબે મોકલાવ્યા છે. તેઓ રાજી થશે.' સાધુએ કહ્યું, 'શું આપના ફળ તેજાનંદ સ્વામી સ્વીકારશે ?' સાધુ ફળો લઈ ખરવાસા પહોંચ્યા. ફળો તેજાનંદ સ્વામીને આપી માશૂક સાહેબનો સંદેશો આપ્યો અને કહ્યું, 'આ ફળો તમે ભગવાનને ધરાવશો? આ તો ફકીર માશૂક સાહેબ મોકલ્યા. મને પણ તેમને ફળો આપતા હતા પણ આપણે અભડાયેલા ફળ પ્રભુને કેમ ચઢાવાય ?' તેજાનંદ સ્વામીની આંખમાં આંસુ આવ્યા. તેમને કહ્યું, તમે એક પવિત્ર અને ખુદાના સાચા બંદાનો અનાદર કર્યો છે એનું મને દુઃખ છે. ઈશ્વરના દરબારમાં 'હિન્દુ-મુસલમાન' એવો કોઈ ભેદ છે જ નહીં. એને તો સાચી બંદગી પ્યારી છે.' પેલા સાધુ ને ભૂલ સમજાઈ અને તે તરફ માશૂક સાહેબને મળવા નીકળ્યો. અને રૂબરૂ મળીને પગમાં પડી માફી માંગી.

# પ્રજાસત્તાક દિનની પરેડમાં વહાલાં-દવલાં

**તંત્રીસ્થાનેથી...**

કેન્દ્ર અને રાજયો વચ્ચેની હૂંસાતૂંસી ધીરે ધીરે વરવું રૂપ ધારણ કરી રહી છે. નાગરિકતા સંશોધન કાનૂનનો અમલ નહીં કરવાનો નિર્ણય કરનારાં મોટા રાજયો પૈકી બંગાળ અને મહારાષ્ટ્ર તથા કેરળ જેવા છેક દેશની દક્ષિણ સરહદે આવેલા રાજયના ટેબ્લો પ્રજાસત્તાક દિનની પરેડમાં સામેલ નહીં કરવાનો અભિપ્રાય નિર્ણાયક સમિતિનો હોય તો પણ આખરે એ સરકારના નામે જ ચડવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પડકારવાની હિંમત કરનારાં પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેનાં રાજયો કે ખ્રિસ્તી - મુસ્લિમ બહુલ કેરળ જેવાં મહત્ત્વનાં રાજયોના ટેબ્લો પ્રજાસત્તાક દિવસે પ્રદર્શિત ન થતાં હોય એવો કદાચ આ પહેલો જ પ્રસંગ બની રહેશે. બંગાળ ભારતનું બૌદ્ધિક રાજય છે - ત્યાં જન્મેલા રાજા રામમોહનરાય જેવા ક્રાંતિકારી સમાજસુધારક, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા શિક્ષણચિંતક, દેશબંધુ ચિતરંજનદાસ જેવા મેધાવી લોકનાયક બે બંકિમ બાબુ, રવીન્દ્રનાથ ટાગોર અને શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાયથી લઈ બુદ્ધદેવ વસુ જેવા સમર્થ સર્જકોના ટેબ્લો ન હોય એ દેશ માટે શરમજનક બની રહેશે. એ જ રીતે લોકમાન્ય ટિળક અને ગોખલે જેવા સ્વાતંત્ર્યવીરો, છત્રપતિ શિવાજી જેવા મહાનાયક, વીર સાવરકર જેવા ઝુઝારુ દેશભક્ત અને લાગણીનૃત્યથી વિશિષ્ટ ભાત ઊપસાવતું મહારાષ્ટ્ર રાજપથની પરેડમાં ગાયબ હોય તે પણ જરૂર સૌ કોઈના મનમાં ખટકો પેદા કરશે. કેરળ તો સાક્ષાત સ્વર્ગભૂમિ છે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવાં કોંગ્રેસ શાસિત રાજયોએ નાગરિકતા સંશોધન કાનૂન મુદ્દે વેઈટ એન્ડ વોચ જેવું વલણ અપનાવ્યું છે. લઘુમતીને પંપાળવાના આરોપસર કોંગ્રેસને ઘણું વેઠવું પડ્યું છે. કમલનાથ અને અશોક ગહલોત જેવા નીવડેલા, વરિષ્ઠ કોંગ્રેસી મુખ્યમંત્રીઓને અવગણવાની હિંમત કરે તો રાજસ્થાન અને મધ્યપ્રદેશના ટેબ્લો પણ બાકાત કરવા પડે. નિર્ણાયક સમિતિએ કદાચ કેન્દ્રીય નેતાગીરીને રાજી રાખવા આ ત્રણ રાજયોનો ટેબ્લો નકાર્યા હોય તો એથી પ્રજામાં કેન્દ્ર સરકાર સંદર્ભે નકારાત્મક સંદેશ જશે તે નક્કી છે. કેન્દ્ર અને રાજયોમાં પરસ્પર વિરોધી પાર્ટીઓની સરકારો હોય તો પણ રાષ્ટ્રીય પર્વોમાં આ પ્રકારનું ભેદભાવપૂર્ણ વર્તન અગાઉ કયારે પણ થયેલ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહ માટે નાગરિકતા સંશોધન કાનૂન પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે, જે સબબ સરકાર કોઈ પણ સંજોગોમાં પીછેહઠ કરવાની નથી. રાજયોએ વોટબેંકનું રાજકારણ નહીં રમવું જોઈએ - એવું જાહેર સભાઓ યોજીને મોદી અને શાહ ગાઈવગાડીને કહી રહ્યા છે. આમ કેન્દ્ર અને વિપક્ષ રાજયો વચ્ચે તલવારો તણાઈ ચૂકી છે. પ્રજાસત્તાક પર્વ એમાં આગમાં ઘી હોમવાનું નિમિત્ત બની રહે તો તે ખરેખર દેશ માટે શોચનીય બાબત બની રહેશે.

# વિવેક વિણ માનવ મૂર્ખ




'મૂર્ખતા બહુ કષ્ટ આપવાવાળી છે. વિવેક-અવિવેકનું ભાન નહિ તે છે મૂર્ખતા. એ મોટામાં મોટું દુઃખ છે. વિવેક માણસનો સ્વભાવ છે. તેનું તે ઘર છે. તેમાં રહેવું તે સુખ છે. વિવેકમાં ન રહેવું એટલે પરાયા ઘરમાં રહેવું, વિભાવમાં રહેવું. તેના જેવું બીજું કોઈ દુઃખ નથી, એવું ચાણકય કહે છે.

નીતિ અન ધર્મ સાથે હોય છે. મૂર્ખત્વ એટલે વિવેકનો અભાવ. તેવા માણસમાં માનસિક વિકાસ ઓછો હોય તેવું નથી હોતું. તેનું મગજ બગડેલું હોય તેવું પણ નથી હોતું. એવો માણસ ખૂબ ભણેલો હોય. પ્રાધ્યાપક કે બીજો કોઈ મોટો હોદ્દો ધરાવતો હોય, પણ તેનામાં કર્તવ્ય, અકર્તવ્યનું ભાન નથી હોતું તેથી તેને ચાણકય મૂર્ખ કહે છે.'

કઠિયારો જે ડાળ ઉપર બેઠો હતો તે જ ડાળ એ કુહાડીથી કાપતો હતો. કવિ કાલિદાસે આ જોઈ કહ્યું, 'આ ડાળ તૂટશે અને તું નીચે પડીશ.' કઠિયારાની સમજમાં આ વાત બેઠી નહીં. એ તો ડાળ ઉપર કુહાડીના ઘા કરતો જ ગયો. ડાળ તૂટીને નીચે પડી તેની સાથે કઠિયારો પણ. કઠિયારાને એ આશ્ચર્ય થયું કે આ માણસને હું પડીશ એની ખબર શી રીતે પડી ? એ તો ડાળ ઉપર કુહાડીના ઘા કરતો જ ગયો. ડાળ તૂટીને નીચે પડી તેની સાથે કઠિયારો પણ. કઠિયારાને એ આશ્ચર્ય થયું કે આ માણસને હું પડીશ એની ખબર શી રીતે પડી ? એ તો કાલિદાસના પગમાં પડ્યો અને ડાળ તૂટવાના રહસ્યને જણાવવા કહ્યું. કાલિદાસે કહ્યું, 'ભાઈ, આ તો સામાન્ય વાત છે.'

જડ-ચેતન, કર્તવ્ય - અકર્તવ્યનો વિવેક ન હોય તો મૂર્ખ છે. ચાણકય કહે છે કે : 'જે કામ કરવા તમે આવ્યા હો તે કામ કર્યા વગર પાછા જાવ તો તમને કેવા કહેવા ? મુરખ જ કહેવાનો ! ઉઘરાણી કરવા જનારા માણસ ઉઘરાણી કર્યા વિના જ પાછો ફરે તેને મુર્ખ જ કહેવાય ! એવી જ રીતે તમે આ જગતમાં પરમાત્મા ને મળવવા માટે આવ્યા છો. તો મને એ કહો કે શું તમે એ કામ કર્યુ ? જે નથી કર્યું તો તમે મૂર્ખ જ છો.'

હંસની પાસે દૂધ અને પાણી ભેગા કરીને મુકો તો તે જુદાં પાડી દે છે. તેના ઉપરથી એક શબ્દ બન્યો 'ક્ષીર-નીર વિવેક' સત્ય - અસત્ય, ધર્મ-અધર્મનો વિવેક ન હોય તેના જેવું કોઈ મોટું દુઃખ નથી.

ભર્તૃહરી કહે છે : 'યૌવનનો વેગ કોઈ જુદો જ હોય છે. માણસ એ વેગમાં ગાંઠો થઈ જાય છે, નહિ કરવાના કામો કરે છે અને ઘણી સમસ્યાઓ ઊભી કરે છે. ભર્તૃહરીની આ વાતનું પ્રમાણ આજે આપણને ઠેર-ઠેર ઘટે - ઘરમાં દેખાશે. યૌવનની સાથે વિવેક ન હોય તેવી જુવાની બરબાદ થઈ જવા સંભવ છે.'

સિનેમા, ખાણી-પાણીની લારીઓ, હોટલ અને પાનના ગલ્લા પાસે યુવાનોના ટોળા કલાકો સુધી ઊભા રહીને પેટમાં કચરો નાખે છે. લોકોના એંઠા કપમાં, ખૂબ ઉકાળી કડક બનાવેલી ચા પીએ છે. શરીર અને મનને નુકશાન થાય તેવા મસાલા અને તમાકુ ખાય છે. સિગારેટ પીએ છે, અને કેટલાક તો ડ્રગના બંધાણી બને છે. વ્યસનો વધારે છે. વિવેદ નહિ હોવાથી આ યૌવન ધન ચારેકોરથી બરબાદ થાય છે. જો માતા-પિતા દ્વારા પોતાના બાળકને પ્રથમ સમજ અપાય - પછી અક્ષર જ્ઞાન અપાય તે રીતે કેળવણી અપાય તો એ બાળક મોટો થઈ યુવાન બને ત્યારે તે વ્યસની, તૂંડ મિજાજી બીજાને ત્રાસ આપનારો અને વિવેકહિન ન બને પણ સર્જનાત્મક કામ કરનારો, મિતભાષી અને સૌને ગમે તેવો બને.

કલાપિ છવ્વીસ વર્ષે, વિવેકાનંદ, બત્રીસ વર્ષે શંકરાચાર્ય ૪૦ વર્ષે ગયા પણ એટલા ટૂંકા ગાળામાં એમણે એટલું બધું કામ કર્યું કે તેઓ યુગ પ્રવર્તક કહેવાયા. આમ એટલા માટે બન્યું કે તે યોવનની સાથે વિવેક હતો. સમજ હતી જ્ઞાન હતું.

દુનિયાભરનું ડહાપણ આ ચાણકય નીતિ નામના ગ્રંથમાં પડેલું છે. આ ગ્રંથયુવાન, વૃદ્ધ, ગૃહસ્થ, સંન્યાસી, વ્યાપારી, નોકરિયાત, ઉદ્યોગપતિ, રાજકારણી કે રાજવી એ તમામ માટે ઉપયોગી છે. ચાણકયના આ સૂત્રો લોકસભા અને વિધાનસભાના દ્વાર ઉપર મૂકી, તમામ સભ્યોને એ વાંચીને તેનો અમલ કરવા ફરજ પડાય તો સાચા અર્થમાં ભારતનું કલ્યાણ થાય.

# સાસણગીરની સિંહણ સમી લોકગાયિકા : પ્રીતિ દુલ્લા




સૌરાષ્ટ્રની ધરતીના હવા પાણી દુનિયાના અન્ય વિસ્તારો કરતા વિશિષ્ટ છે. કાઠિયાવાડના નામે ઓળખાતી આ ધરતી પર અનેક શુરવીર, સંતો, કલાકારો, રાજાઓ અને નારી રત્નો થઈ ગયા છે જેઓ ઈતિહાસમાં આજે પણ અમર છે. તો વળી શ્રી કૃષ્ણ જેવી વિશ્વ વિભૂતિને પણ સૌરાષ્ટ્રની ધરતીએ આકર્ષ્યા છે. આ કાઠિયાવાડમાં ગીર સોમનાથની આસપાસની ધરતીનું તેજ તો સૌથી વિશેષ. વ્યક્તિના વ્યક્તિત્વમાં જોમ ભરી દે એવું અહીનું પાણી.

જેમ દુનિયાભરમાં ગીરની ગાય અને સિંહ પ્રસિદ્ધ છે એમ જ આ પંથકની એક યુવતી પણ ખૂબ જ પ્રસિદ્ધ છે લોકગાયિકા 'પ્રીતિ દુલ્લા' જેની ઓળખ આ પંથકમાં 'સૌરાષ્ટ્રની સિંહણ' તરીકેની છે. કારણ કે પ્રીતિએ પોતાના ગામમાં અને આજુબાજુના નાના ગામોમાં જો કોઈ દારૂ પીને બહેન દીકરીની છેડતી કરનાર અનેક દારૂડિયાઓને ગામની વચ્ચે જઈને માર્યા છે. જેને કારણે તેની ઉપર ત્રણેક પોલીસ કેસ પણ થયેલા. પણ ત્રણેયમાં એ નિર્દોષ સાબિત થયેલી. પ્રીતિના માનસમાં 'ડર' નામનું કોઈ સોફ્ટવેર જ નથી. તે ક્યારેય કોઈનાથી ડરતી નથી. તેનું કહેવું છે કે મારી ભૂલ હોય તો હું જાહેરમાં માફી માંગી લઉ પણ જો ભૂલ ના હોય તો સામેવાળાને એવો પાઠ ભણાવું છું કે એ એના જીવનમાં પછી ક્યારેય કોઈ ભૂલ કરતો નથી. આ જ પ્રીતિએ ત્રણ ત્રણ ખૂન કરનાર, બળાત્કાર કરનાર કુખ્યાત ગૂંડાઓની સામે બાથ ભીડીને એમને પણ એમના ઘેર જઈને ચેતવણી આપી દીધેલી કે મારાથી ચેતજા રહેજો અને હવે બહાર બધે સખણા રહેજો, પછી આ ગૂંડાઓએ પ્રીતિના પિતાજીને ફોન કરીને સમજાવેલું કે તમારી દીકરીને સમજાવજો કે અમારી સાથે માથાકૂટ ના કરે, આ વિસ્તારમાં અમૂક ગામો કે વિસ્તાર એવા છે કે જ્યા પોલીસ પણ જઈ શકતી નથી એવા ગામમાં અસામાજિક તત્વોને ઘેર જઈને પ્રીતિ જાહેરમાં આવા તત્વોને ચેતવણી આપી આવે છે અને પરિણામે આજે આવા તત્વો પણ પ્રીતિને 'બહેન ' તરીકે સંબોધી સન્માનથી બોલાવે છે.

એક વખત એક જમાદારે ફેસબૂક ઉપર પ્રીતિના ફોટા સાથે પોતે એનો પ્રેમી છે એવી પોસ્ટ મૂકેલી તો પ્રીતિએ એના ઘેર જઈને એને ધમકાવીને સીધો કરેલો ત્યાર પછી એ જમાદાર પ્રીતિને 'ઝાંસીની રાણી' કહેતો થઈ ગયેલો, એકવખત વર્ષ - ૨૦૧૦માં ગામની નવરાત્રીમાં સ્થાનિક ધારાસભ્યના ભત્રીજાઓ અને તેમના મિત્રો ગરબે રમતી યુવતીઓની છેડતી કરીને તોફાન મસ્તી કરતા મામલો ગંભીર બની ગયેલો તો પ્રીતિએ ત્યાં જ થમ્સઅપની બોટલ મારીને બે જણાનું માથું ફોડીને બધાને ભગાડી મૂકેલા અને યુવતીઓને બચાવેલી. આ બાબતે પોલીસ કેસ પણ થયેલો. એક વખત પ્રીતિ છેક ત્રીજા ધોરણમાં ભણતી ત્યારે પણ એક જમાદારની દીકરીને ક્લાસમાં મારેલી, કારણ કે એ ક્લાસમાં પોતાના વાળની લટ્ટ ઉડાડતી હતી. તેથી ગુસ્સો આવતા બધાની વચ્ચે એને મારીને એની લટ્ટને જ કાતરથી કાપી નાખેલી.




પ્રીતિ બાળપણથી જ એકદમ નીડર, સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના ઘાટવડ (ગીર) ગામમાં એનો જન્મ. પિતા સુરેશચન્દ્ર દુલ્લા હોમિયોપેથિક ડૉકટર. પરિવારમાં ત્રણ ભાઈઓ ને ત્રણ બહેનો. પણ પરિવારમાં દીકરીઓનો ઉછેર દીકરાઓની જેમ જ લાડથી, સ્વતંત્રતાથી થયેલો. એના ગામમાં એક તળાવ, જેમાં એક મગરમચ્છ રહે એની કોઈને જાણ નહીં. એક વખત તળાવમાં નહાતી વખતે પ્રીતિના પગ નીચે મગરમચ્છ આવી જતા સહેજેય ડર્યા વિના મગરમચ્છને જોરથી પાટું મારીને બહાર નીકળી ગયેલી. અને પછી ખબર પડેલી કે એ મગરમચ્છ હતો. ત્યારબાદ તળાવમાં નહાતી બધી છોકરીઓને તળાવમાંથી બહાર કાઢેલી, તો વળી એકવાર ગામડે જૂના ઘરના ફળિયામાં એકવાર સાપ આવેલો ને ચોમાસું હોવાથી ફળિયામાં નાના નાના દેડકાઓ ડ્રાઉ ડ્રાઉ કરતા હતા, સાપ આવીને એક દેડકાને આખેઆખો ગળી ગયેલો અને પ્રીતિએ આ દૃશ્ય જોતા જ ક્ષણનો ય વિલંબ કર્યા વિના લાંબી બે લાકડીઓ લઈને બન્ને હાથની લાકડીઓથી સાપને દબાવીને ગળી ગયેલા દેડકાને જીવતો બહાર કાઢેલો. તો વળી એ જ જૂના ઘરમાં બે સાપ ઝગડતા ઝગડતા પ્રીતિને માથે પડેલા. તો એણે સહેજેય ડર્યા વિના બન્ને સાપને છૂટ્ટા પાડ્યા હતા.

આ બધી ઘટનાઓ ને પ્રસંગો એવા છે કે એ સમયે કોઈ પુરુષ હોય તો પણ ડરી જાય કે ભાગી જાય. એક યુવતી તરીકે આવા સાહસો કરવા, આટલી નિર્ભિકતા ને નીડરતા બતાવવી એ સહેજેય સહેલું નથી. આ કદાચ કાઠિયાવાડની ધરતીનું જ ખમીર કહી શકાય. અને હજી આનાથી વધુ પ્રીતિનું અદમ્ય સાહસ ત્યારે જોવા મળ્યું જ્યારે એકવાર એના ઘરમાં એક કાંકડી નામની કુતરી વિહાયેલી, જેને નાના નાના સરસ મજાના પાંચ ગલુડિયાં આવેલા. પ્રીતિને બાળપણથી આવા ગલુંડિયાં તથા અબોલ જીવ ખૂબ ગમે, એકવખત એની શેરીમાં રાત્રે બે વાગ્યે બાજુના જંગલમાંથી ફરતી ફરતી એક સિંહણ આવી ચડેલી. જેને જોઈને કુતરી તો પોતાનો જીવ બચાવવા ભાગી ગયેલી. પણ નાના ગલુંડિયાઓનો રડવાનો અવાજ સાંભળીને પ્રીતિ તરત જ મોટી ડાંગ લઈને બહાર આવી જોયું તો સામે સિંહણ. એ જ ક્ષણે ડાંગ ઉગામી પ્રીતિ સિંહણ સામે ધસી ગઈ. અને સિંહણ તરત જ અંધારામાં જંગલ તરફ ભાગી ગઈ. આવી રીતે બે ત્રણ વખત દિપડા ને પણ ભગાવેલો.

કોઈ પ્રકારે મોતનો ભય ના રાખનાર પ્રીતિનું શિક્ષણ ભલે ઓછું થયું હોય પણ સંવેદના અને જીવદયાના સંસ્કારોનું શિક્ષણ ઉચ્ચ ડિગ્રીધારી કરતાંય ક્યાંય ઉચ્ચ કક્ષાનું છે. જીવદયામાં માનતી પ્રીતિએ બે ત્રણ વખત કતલખાને જતી ગાયો ભરેલા ટ્રકને પણ સોશિયલ મીડિયા દ્વારા પકડાવ્યા છે. એક વખત ગામમાં એક દેવીપૂજકની દીકરી સાસરેથી પાછી આવેલી તો વકિલ ખોટા રૂપિયા ના પડાવી લે એટલે પોતે બન્ને પક્ષને સમજાવીને આ વાતનો ઉકેલ લાવેલ.

એક વખત જુનાગઢ જિલ્લાના ગીર સાસણમાં તા. ૬, માર્ચ, ૨૦૧૪ના રોજ 'ફેશન શૉ' નું આયોજન થયેલું જેમાં મુંબઈ, અમદાવાદ, રાજકોટથી અનેક મૉડેલે ભાગ લીધેલો, આ ફેશન શૉ અને સૌન્દર્ય સ્પર્ધામાં પણ પ્રીતિ પ્રથમ વિજેતા બનેલ. અને આ વિજયને કારણે સરકારી તંત્ર તરફથી પ્રીતિને સાસણગીરની મુલાકાત લેવાનું નિમંત્રણ મળતા મંત્રીશ્રીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે મુલાકાત પણ લીધેલી. અને સરકારની 'સેવ ધી ટાઈગર' યોજનામાં કામ કરેલું.

આ સામાજિક પ્રવૃત્તિઓ ઉપરાંત પ્રીતિના જીવનનું બીજું પણ એક ખૂબ મહત્વનું પાસુ છે. એના ગળામાં 'મા સરસ્વતી' નો વાસ છે. કોઈપણ જાતની સંગીતની તાલીમ લીધા વિના સ્વર અને તાલનું અદભુત જ્ઞાન, કોમળ અને મધુર કંઠનું વરદાન એને મળેલું છે. અસ્સલ ગુજરાતી કાઠિયાવાડી લહેકો, શૌર્ય અને જુસ્સાનો સમન્વય પ્રીતિના અવાજમાં અનુભવાય છે. એના કંઠે ગવાતા નવરાત્રીના માતાજીના અનેક ગરબા લોકપ્રિય થયાં છે. પ્રીતિએ ગાવાની શરુઆત ત્રીજા ધોરણથી કરેલી, ધો. ૬માં હતી ત્યારે બ્રહ્મસમાજ - સૂત્રાપાડાના એક કાર્યક્રમમાં પહેલું જાહેરગીત ગાઈને સૌની પ્રસંશા મેળવી હતી. પછી તો માયાભાઈ આહિર સાથે 'કાનાને મનાવો કોઈ મથુરામાં આઓ' અને 'જાન જોડી આવ્યા, શું ઘાટ ઘડાવી લાવ્યા, મારા વે'વાણ ' પણ લોકપ્રિય થયા, પરંતુ સૌથી વધુ લોકપ્રિયતા

અનુસંધાન પાના નં ૭ પર

# સાઈબર જગતનું અંડરવર્લ્ડ....!




સમાચાર : ૧ '' ઈન્ટરનેટ પર જગતના ૧.૨ અબજ વ્યક્તિનો પ્રોફાઈલ-પરિચય કહી શકાય એવી વિગતો સાવ રેઢી હાલતમાં મળી આવી છે. આ વિગતો એક જ સર્વર પર છે અને સર્વર ડાર્ક વેબ સાથે સંકળાયેલું છે. ૧.૨ અબજ વ્યક્તિના પ્રોફાઈલમાં ફોન નંબર, સરનામા, ઈ-મેઈલ, સોશિયલ મીડિયા એકાઉન્ટ સહિતની અનેક વિગતોનો સમાવેશ થાય છે. 'સમાચાર :૨' ફેસબુકના ૨૬.૭ કરોડથી વધારે યુઝર્સની વ્યક્તિગત માહિતી ડાર્ક વેબ પર એક અસુરક્ષિત ડેટાબેસ પર લીક કરવામાં આવી છે. સાઈબર સિક્યોરિટી ફર્મ કોમેરીટેક અને રિસર્ચર બોબ ડિયાચેંકો મુજબ, ૨૬૭,૧૪૦,૪૩૬ ફેસબુક યુઝર્સની આઈડી, ફોન નંબર અને નામ એક ડેટાબેસમાં મળી આવ્યા છે. રિપોર્ટ મુજબ, ડેટાબેસ પર જે લોકોના નામ છે તેમને મેસેજ અથવા ફિશિંગ સ્કીમ્સથી ટારગેટ કરવામાં આવી શકાય છે. '' 'સમાચાર :૩' એક સાઈબર સિક્યોરિટી એનાલિસ્ટે કહ્યું કે, 'ટુ કોલર્સના ભારતીય યુઝર્સના ડેટા કથીત રીતે ડાર્ક વેબ તરીકે ઓળખાતા ઈન્ટરનેટની દુનિયાના અંડરવર્લ્ડ પર રુ. ૧.૫ લાખ રુપિયામાં વેચાઈ રહ્યો છે. 'જુદા જુદા વર્તમાનપત્રોમાં આવેલા ત્રણેય સમાચાર ભલે આમતો બે-ચાર મહિના જુના છે પણ ધ્યાનથી વાંચતા ત્રણેય સમાચારમાં કોમન એક શબ્દ પર તમારી ને મારી નજર અટકી જાવાની...અને એ શબ્દ છે' ડાર્કવેબ :....!!!

ઉપરના ત્રણેય અને આવા અનેકો સમાચારોમાં ડાર્કવેબનું નામ ચોક્કસ સાંભળવા મળવાનું. ઉપર લખ્યા એ તો નામુનામાત્ર અને જાહેર થઈ ગયેલા કારનામાઓ છે પણ જાહેર ના થયેલા આવા અનેકો કારનામાઓથી ડાર્કવેબ છલોછલ ભરેલું પડ્યું છે. હવે વિચાર એ આવશે કે સાલ્લુ આ ડાર્કવેબ છે શું ? અને ઉપરના અને એના જેવા બીજા સમાચારોથી એક પ્રશ્ન એ પણ થાય કે શું ડાર્કવેબ પર આવી છેતરપીંડી અને ક્રિમીનલ કામ જ થાય છે કે શું ? યસ્સ્સ્સ તો પહેલી નજરે એમ કહી શકાય કે ડાર્કવેબ એ ઈન્ટરનેટની અંધારી આલમ છે...ક્રિમીનલોનો અડ્ડો છે...હું ને તમે જે ઈન્ટરનેટ વાપરીએ છીએ એની એક એવી અજાણી બાજુ છે કે જેની મને ને તમને બહુ ખબર નથી અને યા તો ખબર છે તો આપણે ઈન્ટરનેટની એ અંધારી આલમ તરફ જવું લગભગ અશક્ય છે...! અસલમાં ડાર્ક વેબ એ એક એવું છુપાયેલું ઈન્ટરનેટ છે કે જેનો વધારે ઉપયોગ હેકર્સ અને ઓનલાઈન ક્રિમિનલો કરતાં હોય છે. એક્ચ્યુલી આપણે સર્ફિંગ કરીએ ત્યારે જે વિગતો કે માહિતીઓ મળતી હોય છે તે બધી જ ડાર્કવેબ સિવાયની વેબસાઈટોમાંથી મળતી હોય છે. આપણે ધારીએ તો પણ ઈન્ટરનેટની આ અંધારી બાજુ એવા ડાર્કવેબમાં સર્ચ કરી શકતા નથી કેમકે આપણે એના વિષે બહુ જાણતા પણ નથી અને હકીકતમાં આપણને આની બહુ જરૂર પણ પડતી નથી. ધેન વ્હોટ ઈઝ ધીસ ભારાડી ડાર્કવેબ ? લેટ્સ સી...!

ઈન્ટરનેટને કુલ ત્રણ ભાગમાં વહેંચાય છે. સર્ફેસ વેબ, ડાર્ક વેબ અને ડિપ વેબ. સર્ફેસ વેબ કે જેને આપણે રેગ્યુલરલી યુઝ કરીએ છીએ, સર્ફ કરીએ છીએ અને જેના માધ્યમથી આપણે માહિતીઓ મેળવીએ છીએ અને જેના માટે કોઈની અનુમતિની જરૂર નથી. ડીપ વેબ બોલે તો એ માહિતીઓ જે ઓપન નથી અથવા તો જેના માટે તમારે કોઈ ચોક્કસ યુઆરએલ પર જવું પડે ને લોગીન થવું પડે. જેમકે જીમેલ, બ્લોગ્સ, સરકારી વેબ્સાઈટ, વૈજ્ઞાનિક સાઈટ કે એવી કોઈ પણ સાઈટ કે જેને એક્સેસ કરવા તમારે જે તે સાઈટના એડમીન ની અનુમતી લેવી પડે. સાદી ભાષામાં જ્યાં તમારે લોગીન કરવું પડે કે બીજી કોઈ ઓળખની માહિતી આપવી પડે એ બધી જ ડીપવેબ. ડાર્કવેબ આ ડીપવેબનો જ એક હિસ્સો છે પણ ફરક એ છે કે એ સામાન્ય બ્રાઉઝરથી એક્સેસ નથી થઈ શકતો. એના માટે ધ ઓનિયન રાઉટર **(TOR)** કે એવા બીજા કોઈ ખાસ બ્રાઉઝરની મદદ લેવી પડે છે. નામ મુજબ જ ધ ઓનિયન રાઉટર માં ડુંગળીના એક પછી એક પડની જેમ આમાં પણ યુઝરનું આઈ.પી. એડ્રેસ સતત બદલતું રહે છે જેથી એને ત્રેસ કરવો મુશ્કેલ બને છે. આમાં સાઈટ પણ ડોટ ઈન કે ડોટ કોમ ને બદલે ડોટ ઓનિયન હોય છે. એટલું જ નહી પણ આ સાઈટ યુઝર્સની ફૂટપ્રિન્ટ એટલી મુશ્કેલ બનાવી દે છે કે એને શોધવો કે એનો પીછો કરવો મુશ્કેલ બની જાય છે. અહિયાં વેબ્સાઈટ હોસ્ટ કરનારની સાથે સાથે યુઝ કરનાર પણ ગુમનામ જ હોય છે. કોણ છે હોસ્ટ અને કોણ છે યુઝર એની કોઈને ખબર જ નથી હોતી. પાછું ડાર્કવેબ હોસ્ટ કરવામાં કોઈ મોટા સેટઅપની જરૂર પણ નથી, માત્ર એક લેપટોપને જ ડાર્કવેબમાં બદલી શકાય છે. હવે આવી ગુમનામ રહેવાની અદ્દ્ભૂત સગવડતા હોય તો પછી એનો સૌથી વધુ ફાયદો ક્રિમીનલ જ ઉઠાવે કે નહિ...?

અસલમાં પોતાના જાસૂસો સાથેનો સંદેશાવ્યવહાર ગુપ્ત રહી શકે એ માટે થઈને અમેરિકાએ સાલ ૨૦૦૨ની આસપાસ આ **TOR**નું નિર્માણ કરેલું. પહેલા આ ફક્ત મીલીટરી અને જાસુસી સંસ્થાઓ જ વાપરતી પછી અમેરિકી સરકારે ઈરાન અને દક્ષીણ કોરિયાના બાગીઓને અમેરિકા સાથે સંદેશવ્યવહાર માટે આ ટેકનીક આપી. બસ ત્યાંથી આ સીસ્ટમ લીક થઈને અપરાધીઓના હાથમાં ગઈ અને હવે તો સાર્વજનિક લોન્ચ પણ થઈ ગઈ છે જેમકે ટૉર એ લોકપ્રિય ફાયરફોક્સ વેબ બ્રાઉઝરનું સંસ્કરણ છે, જે વપરાશકર્તાઓને અજ્ઞાત રૂપે વેબ બ્રાઉઝ કરવાની મંજૂરી આપે છે પણ ભલાઈ એમાં જ છે કે હું ને તમે ત્યાં વિઝીટ જ ના કરીએ. કેમ..? કેમકે ત્યાં દરેક પ્રકારના સાઈબર અપરાધ થઈ રહ્યા છે. જેમકે બાળ તસ્કરી, પોર્નોગ્રાફી, સરકારી કે ખાનગી જાસુસી, ડેટાલીક અને વેચાણ, ડ્રગ્સ નું ખરીદ-વેચાણ, બેન્કિંગ ફ્રોડ, ગેરકાયદે હથિયારોની હેરાફેરી, બીટકોઈન નો વેપાર, અપહરણો, સોનાની ખરીદ-વેચાણ, હથિયારોની ડિલિવરી, કોન્ટ્રાક્ટ કિલર્સ, વસૂલી કરવાથી લઈને બોગસ પાસપોર્ટ, બોગસ ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા નકલી સરકારી દસ્તાવેજો ઓર નાં જાને ક્યાં ક્યાં..! આઈએસ જેવા આતંકવાદી ગ્રૂપો પોતાના ગ્રૂપમાં આતંકીઓની ભરતી કરવા માટે અને સંદેશાઓની આપ-લે કરવા માટે પણ આ ડાર્ક વેબનો ઉપયોગ કરી રહ્યાં છે. સાર્વજનિક ઈન્ટરનેટ પર તો પોલીસ પહોચી શકે છે પણ આ ડાર્કવેબની દુનિયામાં જો કોઈ એમનો અંદરનો ફૂટે તો જ માયાજાળ પકડાઈ શકે છે બાકી તો ધમધોકાર આ બધા કામ થાય છે.

એવું નથી કે ડાર્કવેબ પર બધું જ ક્રિમીનલ છે, ત્યાં પણ જાણવા જેવી સાઈટો, પેઈજીસ અને પ્રોફાઈલો છે. ત્યાં પણ એમેઝોન, ફ્લીપકાર્ટની જેમ ઓફરો આપતી વેબસાઈટો છે, ત્યાં પણ એવી ઘણી માહિતીઓ છે જે કામની છે પણ...પણ....પણ... મોટાભાગે બધું ગુપ્ત રાખી અને રહી શકતું હોવાથી ડાર્કવેબનો વધુ ઉપયોગ દુનિયાભરમાં ક્રીમીન્લો - હેકરો - ટેરેરીસ્ટો - ખાનગી જાસૂસો જ કરે છે, ડીપવેબ નો હેતુ વપરાશકારની ગોપનીયતા છે તો એના જ એક નાના હિસ્સા ડાર્કવેબ નો હેતુ ગોપનીયતાથી એક કદમ આગળ એવું બધું જ ગુપ્ત રહે એ છે. ભારતમાં ડાર્ક વેબનો ઉપયોગ ડ્રગ્સ, ચાઈલ્ડ પોર્ન અને પાઈરસી માટે સૌથી વધારે થાય છે, કરુણતા એ છે કે ભારતમાં તો ડાર્કવેબ સામે લડવા કોઈ કાયદો પણ અસ્તિત્વમાં નથી. આનાથી બચાવનો એક જ ઉપાય કે આ અંધારી આલમથી દુર રહો કેમકે ત્યાં હેકર્સ અને બીજા માફિયાઓ તમારો ડેટા ચોરવા તૈયાર જ છે...એક ખોટી ક્લિક અને ગઈ (તમારી) ભેંસ પાની (ડાર્કવેબ) મેં....!